## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કયાંક તો એવું મજાનું ઘર મળે,
એકલું ઉજ્જડ ભલે પડતર મળે !

- અજ્ઞાત

### પાથેય

- રમેશ ઠક્કર

## એષણાઓની આળપંપાળ...

મન એ ઇચ્છાઓનું જન્મસ્થાન છે, કર્મ કદાચ ગંતવ્યસ્થાન.ઇચ્છા અનંત છે..વિધવિધ પણ છે..એના પર્યાયો કેટલા બધા છે...? એષણા,ઓરતા, ઝંખના,અભિપ્સા, કામના, મનોરથ, સ્વપ્ન, ખ્વાહીશ,જિજીવિષા, ખેવના, સંકલ્પ,વગેરે વગેરે. માણસનું ચાલકબળ એની ઝંખના છે..ઇચ્છાવિહિન નર (અને નારી પણ) પશુસમાન છે..

Necessity is the mother of invention ...મનોરથ માણસને સમર્થ બનાવે છે.જો માણસજાત ઇચ્છાઓ ના કરે તો જગત ઠપ્પ થઇ જાય...ઇચ્છામાં સારી કે ખરાબ હોતી નથી..પણ ઇચ્છાને રોકવી એ ખરાબ છે..એક બાજુ આપણે એમ કહીએ છીએ કે મન હોય તો માળવે જવાય..અને બીજી તરફ કહીએ છીએ મન ચંગા તો કથરોટમાં ગંગા ! ઇચ્છાના આટાપાટા ખરેખર અટપટા છે..

ખ્વાહીશ કયારેય અધુરી ના રાખવી..પણ મજા એ છે કે અતૃપ્તિ એ જ એનો પડછાયો છે...એટલે કે આપણે કરેલી તમામ ખેવનાઓ પરિપુર્ણ થાય એવું બનતું નથી.આ અસંતોષ જ પ્રગતિનો પથ બને છે.બીજીતરફ એવું પણ કહેવાય છે કે દુનિયાના તમામ દુઃખોની જનેતા જ ઇચ્છા છે..માટે એના ઉપર લગામ રાખો...એને કાબુમાં રાખો..

આ કશમકશ છે એટલે જ જીવન છે..અધૂરપ ના હોય તો મધુરપ કયાંથી સમજાય ? ઇચ્છા પૂર્તિ અને પ્રાપ્તિ બે પરિમાણો છે..આપણે આ બંને વિચારધારાની વચ્ચે કયાંક પસંદગી કરવાની હોય છે..વિવેકપૂર્ણ ઇચ્છા કદાચ સમતોલ અભિગમ ગણી શકાય.ઈચ્છાનું કદ શકિત કે સામર્થ્ય મુજબ થાય તો અતૃપ્તિના અભિશાપથી બચી શકાય.માણસની ઇચ્છાઓ કેવળ અટપટી જ નહીં વૈવિદયસભર પણ હોય છે !

આમ તો આપણી ઇચ્છાઓ લગભગ રોટી કપડા અને મકાનની આસપાસ જ અટકતી હોય છે!! ઇચ્છાને પૂરપાટ દોડાવવી એ પણ એક પડકાર છે..સંતોષ નામના સ્ટેશને એને અટકાવવી એ પણ કળા છે..એ જીવંત રહે તો જિંદગી છે..મરેલી ઇચ્છાઓ માટે કોઇ સ્મશાન હોતું નથી..મનના ગોખલા એ ઇચ્છાના પીરામીડ છે.ઇચ્છાની પેલે પાર પણ એક દુનિયા હોય છે..જેને તાગવી એ પણ સામર્થ્યનું કામ છે...

# કોંગ્રેસનું નાવ હાલકડોલક

### તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસનો જીર્ણોદ્ધાર કરી એને રાષ્ટ્રીય સ્તરે સત્તા અપાવવાનો રોડમેપ તૈયાર કરનાર અને એ સંદર્ભે કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધી સમક્ષ કલાકો સુધી પ્રેઝન્ટેશન રજૂ કરનાર પ્રશાંત કશોર હવે ખૂલીને કોંગ્રેસની વાસ્તવિક દુર્દશા વિષે ભવિષ્યવાણી ઉચ્ચારી છે. આગામી મહિનાઓમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે એનું ભાવિ ભાખતાં તેઓએ કહ્યું છે કે બેઉ રાજયોમાં કોંગ્રેસ હારશે. રાહુલ ગાંધી દ્વારા પ્રશાંત કિશોરના કોંગ્રેસ પ્રવેશ પ્રત્યે નકારાત્મક વલણ દાખવવામાં આવ્યું એથી નારાજ ચૂંટણી ગણિતજ્ઞ એમની પોતાની રાજકીય પાર્ટી બનાવવાનો નિર્ણય જાહેર કરી ચૂક્યા છે જેનું પ્રારંભિક કાર્યક્ષેત્ર એમનું હોમસ્ટેટ બિહાર રહેશે. જો કે પીકે માટે હવે રાષ્ટ્રીય સ્તરે ઊંચકાવવાની શક્યતાઓ સાવ નબળી પડી ગઈ છે - સિવાય કે મમતા બેનરી અથવા કેસીઆર જેવા પ્રાદેશિક પાર્ટીના નેતાઓ એમને રાજયસભામાં મોકલીને એમની મંશા પૂરી કરે. સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકારની ભલામણ માન્ય રાખીને રાજીવ ગાંધીની હત્યાના આરોપીની ફાંસી રદ કરી છે એટલું જ નહીં. એને બા-ઈજ્જત બરી પણ કરી દીધો છે. એ માટે રાષ્ટ્રપતિની સલાહની રાહ જોવાની પણ અદાલતને જરૂર નથી લાગતી.

રાજીવ ગાંધીના નિર્વાણ દિવસે જ પીકેનું નિવેદન મીડિયામાં પ્રસારીત થઈ રહ્યું છે. એ જ સમયે ઉદયપુર સંમેલન કેવળ ગાંધી પરિવારની સત્તા લંબાવવા સિવાય બીજા કોઈ પણ મુદ્દે સફળ નહીં થયેલ હોવાનું પણ તેઓ કહી રહ્યા છે. યોગાનુયોગ જયપુરમાં જ કોંગ્રેસ સંમેલનના પગલે પગલે ભારતીય જનતા પાર્ટીના પદાધિકારી સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકારણમાં વંશવાદ અને પરિવારવાદ સતત નડ્યો છે છતાં કોંગ્રેસીઓ ગાંધી પરિવાર વિરુદ્ધ ઊની વરાળ સુધ્ધાં કાઢી શકતા નથી. જી-૨૩ના કહેવાતા સિનિયરોનું સુરસુરિયું થઈ ગયું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં સ્થાનિક અગ્રણીઓની ઈચ્છા વિરુદ્ધ તરવરિયા 'પાટીદાર' યુવાનને રાહુલ ગાંધીએ બારોબાર કાર્યકારી અધ્યક્ષ જેવી મહત્ત્વની જવાબદારી સોંપી હતી જેનું પરિણામ અંતે કોંગ્રેસની વિરુદ્ધ અનર્ગળ આક્ષેપબાજી સ્વરુપે મળ્યું છે. હાર્દિક પટેલે નાદાન રાજકારણીની જ હલકી ભાષામાં કોંગ્રેસ અને એની રાષ્ટ્રીય નેતાગીરી વિરુદ્ધ બળાપો ઠાલવીને ભારતીય જનતા પાર્ટીમાં પોતાની ઉપયોગિતા સિદ્ધ કરવાનો પ્રયાસો આરંભ્યા છે. રાહુલ ગાંધી ખરેખર કિસ્મતના કાણા છે. એમણે દેશભરમાં પ્રચાર ઝુંબેશ ચલાવીને કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવાના પ્રામાણિક પ્રયાસો કર્યા છે છતાં એમને પ્રજાની દાદ મળી શકી નથી. મોદી એન્ડ કંપનીએ વર્ષોથી એમનું 'પપ્પુ' કરણ કરી દઈ એક પાંગરતી રાષ્ટ્રીય પ્રતિભાને હંમેશને માટે નેસ્તનાબૂદ કરી દીધી છે. પીકે જ નહીં,આ મુદ્દે મીડિયા પણ રાહુલ ગાંધીને ભવિષ્યના વડાપ્રધાન તરીકે ઘણા ઊણા આંકે છે. વિવિધ સર્વેક્ષણ મીડિયા એજન્સીઓના ચાર રાજયોના સર્વેક્ષણમાં પણ મોદી જ વડાપ્રધાન તરીકેની પસંદગીમાં સૌથી મોખરે રહ્યા છે. આ ચાર રાજયોમાં ગત વર્ષે વિધાનસભાની ચૂંટણી થઈ ચૂકી છે અને પ્રાદેશિક પક્ષો હાવી રહ્યા છે. કેરળ, તમિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળ ઉપરાંત આસામમાં પણ મોદીનો જ ઘોડો વિનમાં રહ્યો છે ! આવી પરિસ્થિતિમાં પણ ગુજરાતના ઝુઝારુ યુવા નેતા જિજ્ઞેશ મેવાણીએ હાર્દિક પટેલના એકેએક આક્ષેપનો ઝડબાતોડ જવાબ આપીને પાર્ટી પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પરિચય આપ્યો છે તો હજી પણ સૌરાષ્ટ્રના પાટીદાર સમાજ પર સૌથી વધુ પ્રભાવ ધરાવતા ખોડલધામ - 'નરેશ' કોંગ્રેસમાં પ્રવેશીને મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે સ્વીકૃત થશે એવી ચર્ચા ચાલુ છે. હાર્દિક પટેલ જેવા ઉછાંછળા આંદોલનિયા નેતા સામે નરેશ પટેલ જેવા પીઢ, સૌમ્ય અને પાટીદાર સમાજમાં સર્વસંમત નેતા તરીકે પ્રસ્થાપિત અગ્રણી જો કોંગ્રેસના ડૂબતા જહાજને બચાવવા તૈયાર થશે તો જંગદ જામશે એમાં બે મત નથી. ખુદ પીકે પણ ખોડલધામ નરેશને જ આગળ ધરીને ગુજરાતની વિધાનસભાની વૈતરણી પાર કરાવવા માગતા હતા તે કોણ નથી જાણતું ? પ્રશ્ન એ છે કે કોંગ્રેસનાં નેતા દીઠ બનેલાં જૂથો સાથે કામ કરવાનું નરેશ પટેલને ફાવશે ખરું ?

# સુખની અપેક્ષા માત્ર સ્ત્રી પાસે રાખવી અયોગ્ય છે!




આપણે ત્યાં વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારના અભ્યાસ અને લાયકાતો (ડિગ્રીઓ) મેળવવા માટેની અનેક શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે.ભણેલાઓને પણ ભણાવવાની, પ્રશિક્ષિત કરવાની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવે છે.પણ જીવનમાં જેનું વિશેષ મહત્વ છે તે મા-બાપ થવા અને ગૃહસ્થી માટેનાં શિક્ષણ-પ્રશિક્ષણની આપણે ત્યાં કોઈ જાતની વ્યવસ્થા નથી. જે એનાલિસિસ ક્યાં વગરના પેરાલિસિસ જેવું છે.

આ બધું પરંપરાગત છે, વરસોથી ચાલ્યું આવે છે...અને જીવનની ઘણી ક્રિયાઓ માત્ર અનુભવ આધારિત હોય છે.બાળકો અને પ્રાણીઓને સ્વમેળે-બળે ઘણી ક્રિયાઓ કરતાં જોઈએ છીએ ત્યારે થાય કે, આ બધું ક્યાંથી શીખીને આવ્યા હશે ? કોના પાસેથી શિક્ષિત ને દીક્ષિત થયા હશે !? પણ અનુભવ,અનુકરણ અને અનુસરણ...આ સઘળું શીખવે છે.આપણે પણ જીવનમાં ઘણુંખરું આમ શીખ્યા ને આગળ વધ્યા છીએ. પણ પરિવર્તન એ પ્રકૃત્તિનો નિયમ છે.આપણે પકડી ને જકડી રાખેલી ઘણી પરંપરાઓ પણ સમય ની સરાણે ચઢી ઘસાઈ ને ઉજળી થઈ નવા રૂપે વ્યવહારમાં આવતી હોય છે. આ જ્ઞાન-વિજ્ઞાન અને પ્રાદ્યો ગિકીથી ભરપુર એક વીસમી સદીમાં બદલાવ ન આવેતો આ એક વસમી સદી પુરવાર થાય એવું છે.

આ મુદ્દો,વિષય છેડવાનું નિમિત બની છે ગાંધીનગર ને ઊંઝા મુકામે સંપન્ન થયેલી 'ગૃહિણી તાલીમ શિબિર'.ભાવિ ગૃહિણીઓનેસજ્જ કરવા માટેની તાલીમથી સારા પરિણામો પ્રાપ્ત થયા છે.બોતેર જેટલી આવી દસ દિવસીય, નિવાસી શિબિરથી સમયાંતરે લગભગ પાંચ હજાર બહેનોનેપ્રશિક્ષિત કરવામાં આવી છે. આવા નવતર વિચારનું વાવતેર કરવું ને ઉછેરવું તે પરિવર્તનશીલ સમયની માંગ ને જરૂરિયાત છે. શ્રી કડવા પાટીદાર ૪૨ સમાજ એકતા વિચાર મંચ તથા ધરતી પરિવાર, મહેસાણા આયોજિત આ 'ગૃહિણી તાલીમ શિબિર' ગાંધીનગરમાં દસ દિવસ માટે વિવિધ વિષયો સાથે તજજ્ઞ એવા અનુભવી વક્તા ઓ દ્વારા ભાગ લેનાર કન્યાઓને જ્ઞાનાન્વિત કરવામાં આવી હતી.મારા પક્ષે 'જીવન જીવવાની કળા' વિષય સંદર્ભે સંવાદ કરવાનો હતો.તેમાં ખાસતો,આ લાકડાના લાડુ ખાય તે પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય ...એવું કહીએ છીએ ત્યારે,ખાયને પસ્તાવું શું ખોટું...પણ હવેતો આ કહેવત ખોટી પડવી જોઈએ આવી હળવી શૈલીમાં ગૃહજીવનના અનુભવો રજુ કરવાની મઝા લીધી હતી ને લેવડાવી હતી.નોકરી કરતી વહુ ઈચ્છનારા પરિવારો'ઉત્તમ ગૃહિણી'ની અપેક્ષામાં જરાય બાંધછોડ ન કરે...આ અંગે રસપ્રદ ચર્ચા થઈ હતી.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા તથા ધરતી પરિવાર,મહેસાણા તેમજ શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ આયોજિત ઊંઝા મુકામે સંપન્ન થયેલી શિબિરમાંપણ 'જીવન જીવવાની કળા' જ મારો વિષય રહ્યો હતો.જેનું કારણ અગાઉની શિબિરમાં વિષયની અસરકારક પ્રસ્તુતિ હતી.મૂળ મુદ્દો એ છે કે લગ્ન માટે રીત-રિવાજ, જ્ઞાતિ-ગોળ, પરગણા...ને પરંપરાઓ ઝટ છૂટતી નથી અને બદલાતી સ્થિતિને સરળતાથી સ્વીકારી શકાતી નથી.આજે લગ્ન પછીના છૂટાછેડાનું પ્રમાણ વધતું ચાલ્યું છે.થાય છે કે,શિક્ષણ મળ્યું પણ કેળવણી મળી નહીં.જ્ઞાન મળ્યું પણ સમજ વિકસી નહીં. ભણતરની સાથે જીવનનું ઘડતર થયું નહીં. જેના પરિણામ આપણે ભોગવી ને કયાંક જોગવી પણ રહ્યાં છીએ.

- સુખી થવા કે સુખી કરવા સ્ત્રી લગ્ન કરે છે...આ ચર્ચા છેડી ત્યારે એક વીસમી સદીની સ્ત્રીનો નર વોને ગરવો અવાજ હતોઃસુખી થવું ને સુખી કરવા..એ અમારો ઉદ્દેશ્ય હોય, પણ તાળી એકલા હાથે પડતી નથી.પરિવારને સુખી રાખવાની જવાબદારી સર્વની છે. માત્ર સ્ત્રી પાસે સુખની અપેક્ષા રાખવી અસ્થાને છે.

ઘણું લખી શકાય એવું છે.પણ આવા જરૂરી વિષયોનું વાવતેર થયું તે અભિનંદનપાત્ર છે. બદલતા સમયમાં જૂનું એટલું બધું જ સોનું છે એવું માની લેવાની ભૂલ કરવા જેવી નથી.ગૃહિણીઓ જેમ મા-બાપ માટે પણ આવી શિબિરો થશેતો કદાચ કોઈ સંતાનને યોગ્ય ઉછેરના અભાવે આપઘાત કરવાનું નહીં બને !

**છેલ્લે :**

ધારીએ એવું થતું નથી ને સમજીએ એવું હોતું નથી. ધારણા બારણા વગરની હોય છે !


http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995


### દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ
- રાજારામ મોહનરાયની જન્મજયંતિ, સમાજ સુધારક
- શેરશાહ સુરીની પુણ્યતિથિ, ભારતમાં સૂરી સામ્રાજયના સ્થાપક અને રૂપિયાનું ચલણ રજૂ કરનાર શાસક

આજનું

### ઔષધ

- ગળોના રસમાં મધ અથવા સાકર નાખી પીવાથી કમળો જલ્દી મટે છે.

### ખડખડાટ

- નાનપણથી અત્યાર સુધીમાં એ સમજાણુ નહીં કે થિયેટરમાં ખુરશીનો હાથો કંઈ બાજુએ આપણો કહેવાય !

આજનો

### વોટ્સએપ

- ભરોસો અને આશીર્વાદ કયારેય દેખાતા નથી પણ તે અસંભવ ને સંભવ બનાવી દે છે.

# પહેલો ઘા ભાણાનો... અને પ્રથમ પ્રાસે મક્ષિકા...




રાજમાર્ગ પર ચાલવાથી રાજનેતા નથી થવાતું એ સત્ય ચંદ્રંભદ્રને ચ-રોડ પર ચાલતાં ચાલતાં સમજાઇ રહ્યું હતું. જો કે બધા લોકો પાટનગરમાં સત્ય સમજવા જ આવે એ જરૂરી નથી. જુઓને, આ નગરના સત્તાધીશોને હમેશની જેમ એ પણ ખબર નથી કે આવો વિદ્વાન માણસ આ નગરના ચ-રોડ પર ચાલી રહ્યો છે. જાણે ચંદ્રંભદ્ર વન-ફોર-ધી-રોડ હોય એવા દેખાવ સાથે ચાલી રહ્યા હતા. એક બગડેલા વાહનમાંથી અવાજ આવે એવી ઉધરસ ખાતો એક માણસ ચંદ્રંભદ્રને અથડાય છે ત્યારે ઉદ્વિગ્ન મને ચંદ્રંભદ્ર કશુંક અભદ્ર ઉચ્ચારવા મથે છે, 'અરે, આ તિર્યક ગતિવાળો યુવાન આમ અમને અથડાઈને એક ભારે સંઘર્ષના એંધાણ આપી રહ્યો છે, અમે આ ચ-માર્ગને ચલિતમાર્ગ તરીકે કુખ્યાત બનો એવો શાપ આપવાની ઈચ્છા થઈ આવે છે. નિરંજન મહેતા એમના સરકારી સ્વભાવ પ્રમાણે ચંદ્રંભદ્રને વણમાંગી સલાહ આપે છે કે 'આ નગરમાં જો સારી રીતે આ મહિનો કાઢવો હોય તો તળ-ગુજરાતી બોલવી પડશે..આ ભદ્રંભદ્રની ભાષા નહીં ચાલે..' ચંદ્રંભદ્ર નિરંજન મહેતાને એવી રીતે જોતા રહ્યા જાણે એક સાસુ એની વહુ સામે જોતી હોય જેણે ખીચડી દઝવી દીધી હોય. આમ ચ-રોડ પર હવે ગાડીમાં બેસવાની તૈયારી કરતા હતા ત્યાં જ ગાંધીનગરની પ્રખ્યાત એક ક્લબના પ્રમુખ દિનેશ પટેલ દેખાયા એટલે નિરંજન મહેતાએ ચંદ્રંભદ્રને રોક્યા, નિમને આશા હતી કે દિનેશભાઇ દેશી ભાષાના મહત્ત્વને અને મઝાને પ્રગટ કરશે.

નિમે કહ્યું, 'દિનેશભાઈ, આ અમારા એક અતિવિદ્વાન ચંદ્રંભદ્ર છે, એમની વાણીમાં ત્રણેય કાળ સાંભળી શકો એવી એમની ક્ષમતા છે, એ અત્યંત ચુસ્ત 'સનાતની' છે પણ એમની સાથે બેસવું એ પણ એક ઉત્સવ છે' અને, નિરંજને રેડિયોજોકીની અદાથી કહેવાનું ચાલું રાખ્યું,

'મહોદય.. આ અમારા અત્યંત સહૃદય મિત્ર છે એ એક ક્લબના પ્રમુખ છે જે 'હાસ્યની ફેક્ટરી' તરીકે જાણીતી છે, ગમ્મત એમના ગજવામાં હોય છે, એમની સાથે 'ચા' પીવાથી આ સંસારના દુઃખોનો વિનાશ થાય છે એવું મસ્કપુરાણમાં લખેલું મળી આવ્યું છે.. આપની ઈચ્છા અને અનુકુળતા હશે તો કો'કવાર એમને લાભ આપીશું..' ચંદ્રંભદ્ર હજી સુધી નક્કી નહોતા કરી શક્યા કે આ નગરમાં પોતે શું કામ આવ્યા છે. પણ આવા વિચારો આવે ત્યારે એ મનોમન તત્ત્વજ્ઞાનીની જેમ પોતાને પ્રશ્ન કરતા, 'આ સંસારમાં મોટાભાગના લોકોને ક્યાં ખબર હોય છે કે એ શા માટે અહીં આવ્યા છે ?' એમને આમ ચિંતામાં જોઈ નિરંજન અને દિનેશ પટેલે પુછ્યું, 'વડીલ, કોઈ સમસ્યા !'.. ચંદ્રંભદ્રે સાવ જુના જીઆરના ચુંથાઈ ગયેલા દેખાવ જેવું મોં કરી બોલ્યા, 'વત્સ.. અત્યંત વ્યગ્રતા જન્મી રહી છે, આવી તપ્તઋતુમાં આમ પાટનગર આવીને કશુંક જાણવા-શીખવાની જિજ્ઞાસાથી આવી પડેલો હું કશુંક પામી શકીશ !!' એમના મોં પરની રેખાઓ બદલાણી, કોઈ હોર્ડીંગ પર નવા બનેલા નેતાની તસ્વીરમાં જે આશા તરવરતી હોય છે એવી આશાને પ્રગટાવતી એમની આંખોમાં ચમક આવી, ' નિરંજન... મને પામવા કે ના પામવાની દ્વિધામાં નાંખતી આ ધરતીની ગજબ શક્તિ છે, મને આજે પહેલા દિવસે જ કોઈ ગીત લખવાની ઈચ્છા થઈ આવે છે, અંગેઅંગમાં છંદ અને લય ફરફરે છે.... પણ અટકી જવાય છે... પ્રાસ મળે છે પણ જાણે કે કોઈ ત્રાસથી પાછો ફરે છે.' કોઈ ટીવીના યોગના કાર્યક્રમમાં ઉંડો શ્વાસ ખેંચતા હોય એવા યોગવ્યસની મહારાજ જેવી એક્ટીંગ કરતાં કરતાં બોલવા લાગ્યા,' નિરંજન, કશુંક ખટકે છે અને એના કારણે મારું ગીત અટકે છે, આ પ્રથમ પ્રાસે જ મક્ષિકા આવી ગઈ છે.. આ ચલિતમાર્ગ પર ઉતરવાથી અમારી મતિ તરંગિત થઈ ગઈ છે.' પણ પ્રાસે રીસાયેલી કવિતાને વિશે તમારે શું કહેવું છે... નિરંજને કહ્યું, મહાશય ! આ નગરમાં કશું પામવાનું નથી હોતું, અહીં બનવાનું હોય છે, કોઈ બનાવે એ બનવાનું, બનાવે અને બની જવાનું એ ક્રમ છે' નિરંજનના આશ્વાસનમાં દમ લાગ્યો એથી થોડી શાંતિ અનુભવવા લાગ્યા ત્યારે સામેથી એમને સત્કારવા જ આવ્યો હોય એવો એક યુવાન આવ્યો. એની વાળની સ્ટાઈલ પરથી લાગતું હતું કે એ સીધી ભરતીથી પસંદ થયેલો યુવાન અધિકારી હતો, એના બ્લ્યુ-શર્ટ પર ગજવા પર 'હાઈ-લાઈફ' એવું લખેલું વંચાતું હતું. એને જોતાં જ નિરંજને બુમ પાડી, 'બકા, આવ, આ બાજુ ! મામા અહીં ઉભા છે..' તડકાને એટલી સહેલાઈથી ઓળંગતો હતો જાણે કોઈ અધિકારી મીટીંગની મિનિટ્સ લખાવતા હોય જેમાં એ પોતે ગેરહાજર હતા. આવ, ભાણા.. શું ચાલે છે. . . ! ' નિરંજને ચંદ્રંભદ્ર વતી પુછ્યું હોય એવું મોં કર્યું... અને ભાણાને આવકાર્યો.. ચંદ્રંભદ્રે પ્રશ્ન કર્યો, ' ક્યા વિભાગમાં સેવા આપે છે...' ભાણાએ કહ્યું, 'યુથ એન્ડ સ્પોર્ટસ' ચંદ્રંભદ્રે પોતે ભેંસ પોતાના પુંછડાને સંકોરે એ રીતે પોતાની આંખોને સંકોરીને આ વિભાગ વિશે જાણતા હોય એ રીતે કથન શરું કર્યું, 'થોડા સમય પહેલાંની વાત છે અમે આ વિભાગના નામકરણ વિશે પુછેલું કે આને રમત-ગમત એમ કહેવાય છે, જે મનોરંજન છે એ તો સાંસ્કૃતિક બાબતોમાં સમાઇ જાય છે તો આવું કેમ ? ત્યારે એમણે મને કહેલું, અહીં માણસે રમતાં રમતાં અને ગમ્મત કરતાં કરતાં સાંસ્કૃતિક બાબતોને યુવાનો સુધી લઈ જવાની હોય છે.. !!' બધા ખડખડાટ હસી પડ્યા ત્યારે ભાણાએ પુછ્યું, 'મામાશ્રી, આપ તો આ સંસારના જાણકાર છો, આપના આટલા વર્ષો પાણીમાં ના જ ગયા હોય નહીં તો આપ ક્યારનાયે ઢાંકણીમાં ડુબી મર્યા હોત, તો અમને કોઈ એવી દ્રષ્ટિથી આ સંસારની વાતને સમજાવો જેથી અમને સજા પણ મઝા લાગે, ક્યારેક કહેવતોનું ડહાપણ કેવી રીતે આપણી સામાજિક સમજણને પ્રગટ કરે છે એવું કશુંક કહો અને અમને ધન્ય કરો !'

ચંદ્રંભદ્ર પામી ગયા કે આ પહેલો ઘા ભાણાનો અસરકારક સાબિત થવાનો છે.. આ ચલિત માર્ગના મુસાફર તરીકે આ નગરને સાવ અલગ નજરે જોઈને જો કશીક નવી જ ધન્યતા પામી શકીશું તો જાણીશું કે આ ચંદ્રંભદ્ર આ લોકમાં વિનોદની નવી શોધ કરવા માટે પ્રગટ થયા હતા.

# થેંક્યું છે...!!!




સાપ ગયા અને લીસોટા રહી ગયા એની જેમ અંગ્રેજો ગયા ને પાછળ પાછળ અંગ્રેજી બોલે તો ઈંગ્લિશ છોડતા ગયા અને આપણે પણ હોંશે હોંશે આપણી જે પણ માતૃભાષા હોય એમાં અંગ્રેજી ઘૂસાડતા ગયા. આપણી ભાષામાં જુદી જુદી પરિસ્થિતિઓ માટે અદભુત શબ્દો છે જ પણ શું છે કે આપણને અંગ્રેજી શબ્દો વગર ચાલતું નથી એટલે ઘણા એવા શબ્દો છે જે અંગ્રેજીમાં છે પણ આપણી ભાષામાં પોતીકા થઈને ગોઠવાઈ ગયા છે. અને એવા ગોઠવાઈ ગયા છે કે મૂળ શબ્દ હવે શોધવા જવો પડે એમ છે. આવા ઘણા બધા શબ્દો છે પણ આજે આપણે વાત કરવી છે એ બહુ જ પ્રખ્યાત.. ધડાધડ ઉપયોગમાં લેવાતા અને સદાય સૌના હોઠે હાજર એવો એકે હજારા અને સકળ બ્રમાંડમાં એક તુ શ્રીહરિ શ્રીહરિની જેમ રાજ કરતો મારો ને તમારો સૌથી વધુ હોઠવગો શબ્દ કે શબ્દો એટલે કે થેંક યૂ..!!! અંગ્રેજો ભલે ને ભાગી ગયા પણ આપણે આ અદભુત શબ્દને આપણા વારસામાં.. આપણી સંસ્કૃતિમાં એવો સમાવી લીધો છે અને એનો એવા એવા ઠેકાણે ઈસ્તેમાલ કરી રહ્યા છીએ ને કે ખુદ અંગ્રેજો પણ વિચારમાં પડી જાય કે દીયોર આ ' થેંક યુ ' અહી પણ વપરાય કે..??? હૈ કી નહીં..???

નવા જમાનામાં બે ભાષાઓને મીક્ષ કરીને બોલવાની સિસ્ટમ મજબૂત છે જેમ કે ગુજરાતી અને ઈંગ્લીશનું મિશ્રણ ગુજલીશ.. હિન્દી વત્તા ઈંગ્લિશ એટલે હિંગલીશ..!!! આ થેંક્યું અને સોરી પણ આસાનીથી ગમે તે ભાષામાં ગોઠવાઈ ગયા છે. તમારો આભાર કે આપ કા શુક્રિયાની જગ્યાએ આપણે પણ ધાણીફૂટ રીતે થેંક્યું ને ચીપકાવતા હોઈએ છીએ. પ્રસંગ ગમે તે હોય.. વાત ગમે તે હોય પણ આભાર વ્યક્ત કરવા માટે બસ એક જ શબ્દ અને એ ' થેંક યૂ '..!!! એમાએ વી ધ ગુજરાતી તો પાછા થેંક્યું ની પાછળ આપણી છાપ છોડતા જઈએ..' થેંક્યું હો ' કે પછી ' થેંક્યું છે '..!!! કોઈએ ગિફ્ટ આપી.. કોઈએ કાઈક સારું કર્યું.. કોઈ કામમાં આવ્યું.. જેવી કોઈપણ સિચ્યુએશનમાં કોઈ વ્યવસ્થિત જવાબ ના સુજે તો એક જ શબ્દ ' થેંક્યું ' ફટકારી દેવાનો એટલે સામેવાળા પણ સમજી જાય કે આપણે એમના આભારી છીએ ને આ બધુ જે કાઈ તમે કર્યું છે એનો આ જવાબ છે. કેવું સીધું ને સટ નહીં ? જો કે આપણે આપણી પોઝિશન મુજબ થેંક્યું વાપરતા હોઈએ છીએ અને મજાની વાત એ છે કે દર વખતે થેંક્યું નો અર્થ અને એનો ઉપયોગ પણ અલગ અલગ હોય છે. નેતાઓ પત્રકાર પરિષદમાં જવાબ ના આપવો હોય તો ' થેંક્યું ' કહીને ચાલતી પકડી લેતા હોય છે તો કોઈને ફૂટાવવા માટે પણ આપણે થેંક્યું નો વપરાશ કરી લઈએ છીએ..!!! ફોન પર પણ સામેવાળો વાત ટૂંકાવતો ના હોય તો વચ્ચે વચ્ચે થેંક્યું થેંક્યું કરવાથી ફોન જલદી પૂરો થવાની શક્યતા વધી જાય છે..!!! લગ્નજીવન અને એમાયે સુખી લગ્નજીવનની તો ચાવી જ ' થેંક્યું ' છે..!! મહાન દેશ અમેરિકામાં થયેલા એક સર્વે મુજબ પતિ-પત્ની વચ્ચે આપલે થતાં શબ્દોમાં સૌથી વધુવાર બોલાતો શબ્દ છે ' થેંક્યું '..!! જો કે આ તો અમેરિકાનો સર્વે છે આપણા સર્વેમાં આ રિઝલ્ટ ના પણ આવે..!!! ઘરવાળી કે કોઈ એકલદોકલ કેસમાં ઘરવાળાને વારંવાર થેંક્યું કહેવાથી લગ્નજીવન સરળતાથી ચાલે છે એવું વડવા કહેતા ભૂલી ગયા છે પણ અનુભવે સમજાય જશે કે આ છે સોળ આની સાચું..!!!

જો કે ઈંગ્લિશ એટિકેટ મુજબ જઈએ તો થેંક્યું અમુક ચોક્કસ સંજોગોમાં જ કહેવાય છે. આવો જોઈએ થેંક્યું ક્યારે કહેવાય..!! તમારું કોઈ કામ સારી રીતે સંપન્ન કરનારને..કોઈએ ભેટ સોગાદ આપી હોય ત્યારે.. કોઈની સાથે કોઈ કામ કરીને સારું લાગ્યું હોય ત્યારે...તમારા ધાર્યા કરતાં વધુ સારું કામ કરે ત્યારે.. વગેરે વગેરે..!! આ થેંક્યું કહેવામાં પણ એટિકેટ છે જેમ કે કામના બદલામાં કે કોઈને જો થેંક્યું કહેવું હોય તો તરત જ કહી દેવું જોઈએ, મોડેથી થેંક્યું કહેવાનું મહત્વ ઘટી જાય છે આવું જ કઈક થેંક્યું કહેતી વખતે કહેવા ખાતર કહીએ છીએ એવું ના લાગવું જોઈએ એ પણ અગત્યનું છે. જો કે આ તો બધી ઈંગ્લિશ એટિકેટ થઈ અને આપણે અને એટિકેટને કાઈ લાગેવળગે નહીં..!!! શું કિયો છો ??? પણ.. પણ.. પણ.. નોનસ્ટૉપ ને હાલતા ને ચાલતા આપણે જે શબ્દો વાપરીએ છીએ એનો ઉદગમ કયા થયો એ જાણવાની તાલાવેલી લાગી ખરી ક્યારેય ? નહીં..? તો જાણો કે થેંક્યું એ ઓરિઝનલી જર્મન શબ્દ 'રક્ષ્હર્ાદ્ધક્ષ્હ નું અપભ્રંશ છે, પહેલા એને ' આઈ થેંક્યું ' મતલબ કે હું તમારો આભારી છું એમ વપરાતું હતું પણ કાળક્રમે થેંક્યું થઈ ગયું અને હવે તો જનરેશન નેક્સ્ટ માં થેંક્યું નું થેંક્સ થઈ ચૂક્યું છે..!! જો કે ખરેખર તો થેંક્યું અને થેંક્સ બંનેનો ઉપયોગ અલગ અલગ સ્થિતિમાં થવો જોઈએ. જેમ કે અંગત વર્તુળના વ્યક્તિ માટે થેંક્સ વપરાય પણ ઓફિસમાં કે બીજા ધંધાકીય રિપ્લાય માટે થેંક્સ નહીં પણ થેંક્યું વાપરવું જોઈએ. આપણે તો એક જ લાકડી બન્નેને હાંકી નાખીએ..!!! ૧૨ મી સદીમાં પહેલા ચલણમાં આવેલ થેંક્યું શરૂઆતમાં આભાર વ્યક્ત કરવા માટે તો ખરો જ પણ ' તમે મારા માટે જે કર્યું એને હું હમેશા યાદ રાખીશ ' આવા મીનિંગમાં પણ વપરાતો હતો.

આપણું કાઇ નક્કી નહીં.. આપણે તો થેંક્યું ના જવાબમાં પાછું થેંક્યું જ કહી દઈએ પણ ઈંગ્લિશ એટીકેટની વાત જ કરી છે તો આ થેંક્યું બાબતે મને ને તમને બધાને ખતરનાક રીતે મુંજવતા એક અઘરા સવાલનો જવાબ પણ આપવાની કોશિશ કરીએ..!! ચાલો કોઈએ આપણને થેંક્યું તો કહી દઈશું પણ પછી એનો જવાબ શું આપવો..??? ૧૦૦ માંથી ૯૦ આમાં જ ગોટે ચડી જાય. જનરલી આપણે મંદમંદ મુસ્કાય જઈએ છીએ કેમકે શું રિપ્લાય આપવો એના ફાંફાં હોય છે પણ મોસ્ટલી થેંક્યું ના જવાબમાં ' યુ આર વેલકમ ' એવું કહેવાય છે, એટલે કે 'તમારું સ્વાગત છે '. પણ થેંક્યું થેંક્યું એ અલગ અલગ રિપ્લાય હોય શકે છે જેમ કે તમે કોઈની મદદ કરો છો જેમાં તમને કઈક કષ્ટ પડે છે અને એ થેંક્યું કહે છે તો જવાબ ' નો પ્રોબ્લેમ ' આપી શકાય કે ' નો વરી ' બોલે તો ચિંતા ના કરો પણ કહી શકાય. પણ આવી જ મદદ જો તમે કોઈ અંગત માટે કરો છો તો થેંક્યું નો જવાબ ' ઈટ્સ ઓકે ' આવે..!! ગુજરાતીમાં બોલે ને કે ' કાઈ વાંધો નહીં મોટા '..!! કોઈને કશું સરપ્રાઈજ આપ્યું કે ગોઠવ્યું હોય અને એના થેંક્યું ના જવાબમાં ' માય પ્લેઝર ' બરાબર રહે. પણ આ શબ્દો તમને એ કામ કરતાં ખુશી થઈ એ દર્શાવવા વપરાય છે જેમાં આભાર સામે આનંદ વ્યક્ત થાય છે. ભાયબન્ધ તમારા કરેલ કોઈ કામના બદલામાં થેંક્યું બોલે તો જવાબ અપાય ' એનીટાઈમ ' કે પછી ' મેન્શન નોટ ' ગુજરાતીમાં કહે ને કે ' ગમે ત્યારે અવાજ દેજે ને ભાઈ..''. દુકાનદાર કે ધંધાદારી વ્યક્તિ થેંક્યું ના જવાબમાં ' હેપ્પી ટુ હેલ્પ ' કે ' ગ્લેડ ટુ હેલ્પ ' કહી શકે છે. કોઈનું નાનું કામ કર્યું હોય અને થેંક્યું નો જવાબ આપવો પડે તો ' ડોન્ટ મેન્શન ઈટ ' કહી દેવાનું..!! મને ખબર છે કે થેંક્યું ના રિપ્લાયમાં અહી જે જે શબ્દો લખ્યા એનું ગુજરાતી કરીને આપણે વાપરીએ જ છીએ પણ અંગ્રેજી શબ્દો એટલા માટે વાપર્યા છે કે આપણે સાચું કે ખોટું પણ દિવસમાં હિન્દી કે ગુજરાતી કરતાં અંગ્રેજી વધુ બોલીએ છીએ એટલે... ! લેખ પૂરો વાંચવા બદલ 'થેંક્યું છે'..!


akurjt@gmail.com